# એસએસવી કેમ્પસમાં શાનદાર સ્પોર્ટ્સ ડે






જીવનમાં અક્ષરજ્ઞાનનું જેટલું મહત્ત્વ છે એટલું જ મહત્ત્વ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અને સ્પોર્ટ્સનું પણ છે અને તેનાથી જ વિદ્યાર્થીનો સર્વાંગીણ વિકાસ શક્ય બનાવી શકાય છે, એ માન્યતા સાથે ગાંધીનગર શહેરમાં કાર્યરત એસએસવી કેમ્પસ ખાતે વાર્ષિક સ્પોર્ટ્સ ડેની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. શાળાના ધોરણ-૫થી ૮માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં અને ઉત્સાહપૂર્વક ભાગ લઈ આ સ્પોર્ટ્સ ડેને સફળ બનાવ્યો હતો. સ્પોર્ટ્સ ડેની શરૂઆત જ રોચક રહી હતી. ભવ્ય સાંસ્કૃતિક નૃત્ય અને પિરામીડના માધ્યમથી વિદ્યાર્થીઓએ આ આખોય દિવસ યાદગાર બની રહેશે એવી એંધાણી આપી દીધી હતી.

જાપાનથી આવેલા બૌદ્ધ સંત તેરાસાપા જુનસેઈ, રાજ્યના સ્પોર્ટ્સ, કલ્ચર એન્ડ એક્ટિવિટીઝ વિભાગના ડિરેક્ટર જગદીશ પટેલ, ઈન્ટરનેશનલ પ્લેયર સોનલબેન વસોયા અને આંતરરાષ્ટ્રીય ટે-ક્વોન-ડો કોચ પ્રજ્ઞેશ મેસરિયા અને સ્કૂલના ટ્રસ્ટીઓના હસ્તે મશાલ પ્રજ્વલિત કરી સ્પોર્ટ્સ ડેને ખુલ્લો જાહેર કરવામાં આવ્યો હતો.

દિવસભર ચાલેલા વિવિધ રમતોના ઉપક્રમમાં એક વાત સર્વત્ર સામાન્ય જોવામાં આવી હતી અને તે હતી સૌનો ઉત્સાહ. વિદ્યાર્થીઓ ઉપરાંત આયોજક શાળા પરિવારમાં પણ અનન્ય ઉત્સાહનાં દર્શન થયાં હતાં, જેના કારણે આ સ્પોર્ટ્સ ડે ન માત્ર યાદગાર પરંતુ અનોખો પણ બની રહ્યો હતો. દિવસનો અંત ભાગ પરાકાષ્ટારૂપ બની રહ્યો હતો, જેમાં વિવિધ રમતોમાં વિજેતા બનેલા વિદ્યાર્થીઓને અતિથિઓના હસ્તે ઈનામો એનાયત કરવામાં આવ્યાં હતાં.

## જન્મદિને વધામણી



**મીનાક્ષી જયસિંઘાની**
લાયોનેસ ક્લબ



**પ્રિયાંક ઠક્કર**
મો. ૯૪૨૯૬ ૧૯૫૨૧



**યોગેશ દિનેશભાઈ પરમાર**

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસો એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

### હોમકમિંગ ૨૦૧૯ દરમિયાન

## આઈઆઈટી પૂર્વ વિદ્યાર્થીઓ કોલેજના દિવસોની યાદોમાં સરી પડ્યા





ગાંધીનગર, તા. ૨૨

ભારતીય પ્રૌદ્યોગિકી સંસ્થાન ગાંધીનગર (આઈઆઈટી ગાંધીનગર)ની એલ્યુમનાઇ રિલેશન્સ ઓફિસ દ્વારા આયોજીત ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની વાર્ષિક સંગોષ્ઠી, હોમકમિંગ ૨૦૧૯ આજે વિવિધ સ્નાતક અને અનુસ્નાતક બેચના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ સાથે શરૂ થઈ. હોમકમિંગની આ ત્રીજી આવૃત્તિ છે જેમાં દેશ અને વિદેશથી આઈઆઈટી ગાંધીનગર ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તેમના અલ્મા મેટરમાં પાછા આવ્યા છે.

આ બે દિવસીય ઈવેન્ટની શરૂઆત સંસ્થાની લીડરશીપ ટીમ સાથે અનૌપચારિક ઈન્ટરેક્ટિવ સત્રથી થઈ હતી જેમાં મેકર ભવન, નોન-ડિગ્રી પ્રોગ્રામ, જુદા જુદા શહેરોમાં જેઈઈ ઓપન હાઉસ, અને વિવિધ શૈક્ષણિક, રમતગમત અને વિદ્યાર્થી પ્રવૃત્તિઓ માટેના નવા ઈન્ફ્રાસ્ટ્રક્ચર સંસ્થામાં ચાલી રહેલા નવા ફેરફારો અંગે વાત કરાઈ હતી. ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ સંસ્થાના વિશેષ ઉપક્રમો જેમ કે એલ્યુમનાઇ રેસીડેન્સી પ્રોગ્રામ અને લીડરશીપ ઈનિશિયેટિવમાં વધુ નજીકથી અને સક્રિય રીતે કેવી રીતે જોડાઈ શકે તેની પર ચર્ચા સાથે થઈ હતી.

કાર્યક્રમમાં ભાગ લેનારા એલ્યુમનાઇને સંબોધતા આઈઆઈટી ગાંધીનગરના ડાયરેક્ટર પ્રો. સુધિર કે જૈને કહ્યું કે, "સંસ્થામાં મારા છેલ્લા દસ વર્ષમાં સૌથી સંતોષકારક બાબત એ છે કે આપણે એક સાથે મજબૂત વિદ્યાર્થી સંસ્કૃતિ, સંબંધો અને નેતૃત્વ ઘડી શક્યા છીએ. આપણે એ જ વિચારોને એલ્યુમનાઇ સંબંધોમાં પણ પરિવર્તિત કરવાનું કામ કરવાનું છે." તેમણે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને થોડું આત્મનિરીક્ષણ કરવાનું કહ્યું અને સૂચવવા કહ્યું કે કઈ રીતે આપણે વધુ સારૂ કરી શકીએ અને આગળ સુધારી શકીએ. ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને શિક્ષણના ઉપક્રમોના સંદર્ભમાં સંસ્થામાં નવા વિકાસ વિશે વધુ માહિતી આપતા, તેમણે વિદ્યાર્થી ઉદ્યોગસાહસિકતાના ક્ષેત્રમાં નેતૃત્વ કરવાની સંસ્થાની આકાંક્ષા પર પણ ભાર મૂક્યો. "હવે અમે આ મોરચે પણ સ્કેલ-અપ કરવા માંગીએ છીએ. અમે અમારા વિદ્યાર્થીઓને એ રીતે સાહસિકતામાં તાલીમ આપવાનો ઈરાદો રાખીએ છીએ કે તેઓ ઉત્પાદનોનું નિર્માણ કરે અને દેશના અર્થતંત્રમાં ફાળો આપે, રોજગાર અને ક્ષમતા પ્રદાન કરે." તેમણે એલ્યુમનાઇને સંસ્થાના સ્ટુડન્ટ લીડરશીપ ઈનિશિયેટિવમાં સહયોગ આપવા અને ભાગ લેવા માટે પ્રોત્સાહિત કર્યા. આ કાર્યક્રમમાં આઈઆઈટી ગાંધીનગરના એલ્યુમનાઇ અફેર્સના પ્રોફેસર-ઈન-ચાર્જ પ્રોફેસર જેસોન મંજલીએ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને આવકારતા કહ્યું કે, 'વિદ્યાર્થીના જીવનમાં કેમ્પસ એક ખૂબ જ રસપ્રદ સ્થાન છે, જેને કોઈ ક્યારેય ભૂલી શકતું નથી. હોમકમિંગ તમને તમારી વાર્તાઓ અને યાદો પર ફરીથી જીવવાની તક આપે છે'

## અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજ દ્વારા સ્પોર્ટ્સ કાર્નિવલ

ગાંધીનગર, તા. ૨૨

અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજ દ્વારા બે દિવસીય સ્પોર્ટ્સ કાર્નિવલનું આયોજન કરવામાં આવ્યું છે.


ગાંધીનગરની વિવિધ સ્કૂલ્સના વિદ્યાર્થીઓ અને કૉલેજના વિદ્યાર્થીઓ ભાગ લેશે. ખો-ખો, વોલીબોલ, રિલે દોડ, ૧૦૦ મીટર દોડ, ગોળા ફેંક, ત્રીપગી દોડ, કોથળા દોડ, વિઘ્ન દોડ, બેલેન્સ વિથ બોલ જેવી વિવિધ રમતો યોજાશે. વિદ્યાર્થીઓને ફિટનેસનું મહત્ત્વ સમજાય અને તેઓ શારીરિક રીતે મજબૂત બને તે હેતુથી આ સ્પોર્ટ્સ કાર્નિવલનું આયોજન કરવામાં આવ્યું છે. કાર્નિવલનું ઉદ્ઘાટન ડૉ. અર્જુનસિંહ રાણાના હસ્તે કરવામાં આવશે. આ સમગ્ર ઈવેન્ટના સંયોજક તરીકે ડૉ. રણછોડ રથવી, પ્રૉ. નિગમ પટેલ અને ડૉ. વિજ્ઞા ઓઝા પોતાની સેવાઓ અદા કરી રહ્યા છે.

## બીસીએ કોલેજના વિદ્યાર્થીઓનું L & T Infotech અને Kshatra Infotec કંપનીમાં પ્લેસમેન્ટ









ગાંધીનગર, તા. ૨૨

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન વિવિધ કોલેજના યજમાન પદે એલ એન્ડ ટીના સહયોગથી કેમ્પસ પ્લેસમેન્ટ ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ગુજરાતની કુલ ૧૪ જેટલી યુનીવર્સીટી/કોલેજોએ ભાગ લીધો હતો. આ પ્લેસમેન્ટ ડ્રાઈવમાં ગુજરાતની વિવિધ પ્રતિષ્ઠિત કોલેજમાંથી કુલ ૨૨૨ વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. પ્રથમ રાઉન્ડ લેખિત પરીક્ષા, દ્વિતિય રાઉન્ડ ટેકનીકલ ઈન્ટરવ્યુ અને તૃતીય રાઉન્ડ હ્યુમન રિસોર્સ એમ ત્રણેય રાઉન્ડના અંતે કંપની દ્વારા ૩ વિદ્યાર્થીઓને નોકરી માટે પસંદ કરવામાં આવ્યા હતા, જે પૈકી ભોળાભાઈ પટેલ કોલેજ ઓફ કમ્પ્યુટર સ્ટડીઝના સેમિસ્ટર-૫ના ૨ વિદ્યાર્થીઓનો સમાવેશ થયો છે. આ વિદ્યાર્થીઓને આકર્ષક પેકેજ આપવામાં આવશે. નોકરી મેળવતા આ તમામ વિદ્યાર્થીઓને યુનિવર્સીટી અને કોલેજ તરફથી ખુબ ખુબ અભિનંદન આપવામાં આવ્યા છે.

## ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષામાં જેએમપી ગોપાલક વિદ્યા સંકુલ ઝળક્યું




ગાંધીનગર, તા. ૨૨

જે.એમ.પી. ગોપાલક વિદ્યા સંકુલમાં "ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષા" હરિદ્વાર દ્વારા યોજવામા આવેલ પરીક્ષામાં અમારી શાળાના ૩૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો જેમાં ધોરણ-૧૨ અભ્યાસ કરતા વિદ્યાર્થી ઉર્વીશ ગોવિંદભાઈ રાઠોડે તાલુકા અને જિલ્લાએ પ્રથમ કક્ષાએ ઉતીર્ણ થઈને શાળાનું ગૌરવ વધાર્યું હતું. હવે તે રાજ્ય કક્ષાએ પરીક્ષા આપવા જઈ રહ્યો છે, ત્યારે સમગ્ર શાળા પરિવાર દ્વારા તેને શુભકામનાઓ પાઠવવામાં આવી છે.

### સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત

## વાર્ષિક રમતોત્સવમાં આર એન સ્કૂલ ઝળકી



ગાંધીનગર, તા. ૨૨

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત કડી, ગાંધીનગર અને વડનગરમાં કાર્યરત તમામ પ્રાથમિક શાળાઓ વચ્ચે ઈન્ટર સ્કૂલ છગનભા વિજયપદ્મ રમતોત્સવ કડી ખાતે યોજાયો હતો. આ રમતોત્સવમાં શ્રીમતી આર એન પટેલ પ્રાથમિક શાળાના ૨૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. બહેનોએ એથ્લેટિક્સ વિભાગમાં અને બૌદ્ધિક વિભાગમાં ચેમ્પિયનશીપ મેલવી હતી. તમામ વિજેતા વિદ્યાર્થીઓને ઈન-ચાર્જ આચાર્ય કેતનભાઈ બી. પટેલે બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

તૃષિક કટારાએ ૧૦૦ મીટર દોડમાં પ્રથમ, માધવી પટેલે નિબંધ સ્પર્ધામાં પ્રથમ વિશ્વ પટેલે રાયફલ શૂટિંગમાં પ્રથમ ખુશી નિનામાએ ગોળાફેંકમાં દ્વિતીય, જીયા પટેલે ૧૦૦ મીટર દોડમાં દ્વિતીય, રૂદ્ર પટેલે લાંબી કૂદમાં દ્વિતીય, પ્રિન્સ વાઘેલાએ ચેસમાં દ્વિતીય, પાર્ત રબારીએ ગોળાફેંકમાં તૃતિય, મહંમદઅર્ષ શેખે બેડમિન્ટનમાં તૃતિય અને ઋષિકેશ ચોલવીયાએ સ્કેટિંગમાં તૃતિય વિજેતાક્રમ મેળવ્યો હતો.

## ટાઉનહૉલમાં આજથી બે દિવસ ડીપીએસનો વાર્ષિકોત્સવ

ગાંધીનગર, તા. ૨૨

દિલ્હી પબ્લિક સ્કૂલ, ગાંધીનગરનો વાર્ષિકોત્સવ સોમવારથી બે દિવસ માટે ગાંધીનગર ટાઉનહૉલ ખાતે યોજાઈ રહ્યો છે.

આ અંગેની વિગતો આપતાં શાળા પરિવાર દ્વારા જણાવવામાં આવ્યું છે કે સોમવારે સવારે ૯.૫૫ કલાકથી સાંજના ૫.૧૦ દરમિયાન સ્કૂલના ધોરણ-૧થી ૫ના વિદ્યાર્થીઓ સ્પિરિટ ઓફ હ્યુમેનિટી (માનવતા પરમો ધર્મ) વિષયે સાંસ્કૃતિક કૃતિઓની રજૂઆત કરશે. એ પછી મંગળવારે સવારે ૯.૨૫થી બપોરના ૩.૩૦ દરમિયાન સ્પિરિટ ઓફ ગ્લોબલાઈઝેશન (વસુધૈવ કુટુંબકમ) વિષયે ધોરણ૬,૭, ૯ અને ૧૧ના વિદ્યાર્થીઓ સાંસ્કૃતિક કૃતિઓની રજૂઆત કરશે.

## હીરામણિ સ્કૂલનો સિતારો માર્શલ આર્ટમાં ઝળક્યો




હીરામણિ પ્રાયમરી શાળાનાં અંગ્રેજી માધ્યમના ધોરણ-૭માં ભણતા વંદન શુક્લાને માર્શલ આર્ટ ઈન્ડિયા ઓથૉરિટી દ્વારા વર્ષ ૨૦૧૮-૧૯માં આંતરરાષ્ટ્રિય કક્ષાએ સારૂ પ્રદર્શન કરવા માટે કૉમ્બેટ આર્ટમાં ડેડિકેટેડ લિટલ ફાઈટરનો એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે. એવોર્ડ મેળવવા બદલ સંસ્થાનાં પ્રમુખ શ્રી નરહરિ અમીન, મેનેજીંગ ટ્રસ્ટી વરૂણ નરહરિ અમીન, સી.ઈ.ઓ. ભગવત અમીન, એજ્યુકેશનલ એડવાઈઝર એ.સી. ગોપાણી, આચાર્યા પિનાક્ષી વડોદરિયાએ તેની આ સિદ્ધિ બદલ અભિનંદન પાઠવ્યા હતા.

## શ્રદ્ધાંજલી

રામાયણમાં પણ ભરત
ભાગવતમાં પણ ભરત
ગાંધીનગરમાં પણ ભરત
આપણે ક્યાં મળ્યા હતા...
તે વિયોગનું દુખ હોય..
આપણે ક્યાં સંબંધો હતા...
તે લેખણ લખવાં પડે...
આપણે ક્યાં વ્યવહાર કર્યો હતો...
કે આપણે હિસાબ રાખવો પડે...
આપણો કોઈ અજ્ઞાન સ્થળે મળ્યા હતા
તે સ્થળની યાદ નથી
દરિયામાં એક બૂંદ પડે
ને તેમાં વિલાઈ જાય
તેમ તમારી ચેતના
તેજમાં સમાઈ ગઈ....
અને ભ્રમના અંકોડા તૂટી ગયા
દરેકને કુદરત દુખ ખમવાની શક્તિ આપે
એમના પુણ્યાત્માને પ્રભુ
પરમ શાંતિ આપે
એ જ અભ્યર્થના


- મહેન્દ્રભાઈ રાઠોડ



ગાંધીનગર, તા. ૨૨

મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મજયંતી નિમિત્તે મુનિશ્રી સંતબાલજી દ્વારા ૧૯૪૭માં સ્થાપિત ભાલ નળકાંઠા પ્રાયોગિક સંઘ - ગુંદી આશ્રમ ખાતે મહાત્મા ગાંધી, મૂકસેવક રવિશંકર મહારાજ અને મુનિશ્રી સંતબાલજીના રેખાચિત્રો અને ઈતિહાસને આલેખતી તકતીનું અનાવરણ થયું. ૩૮૩ ફૂટની કાળા ગ્રેનાઈટની કલાત્મક તકતીમાં સંસ્થાના સર્વપ્રથમ પ્રમુખ રવિશંકર મહારાજ, મંત્રી પરીક્ષિતભાઈ મજમુદાર તેમજ આજીવન સમર્પિત, સેવાભાવી અને સંનિષ્ઠ અગ્રણીઓ છોટુભાઈ મહેતા, કાશીબેન મહેતા, ગુલામ રસૂલ કુરેશી, અંબુભાઈ શાહ, નવલભાઈ શાહ, ફલજીભાઈ ડાભી, જ્ઞાનચંદ્રજી, સુરાભાઈ ભરવાડ, હરિવલ્લભભાઈ મહેતા, દુલેરાય માટલિયા, ડો. શાંતિભાઈ પટેલ, મણિભાઈ પટેલ, મનુભાઈ પંડિતનો પણ ખાસ ઉલ્લેખ કરાયો છે. ગુજરાત રાજય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ દ્વારા જવારજ ગામ માટે પોલીવસ્ત્ર અંબર ચરખાનું વિતરણ કરાયું હતું. ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાનના સ્થાપક પિનાકી નાનકભાઈ મેઘાણી, ખ્યાતનામ લોકગાયક અભેસિંહ રાઠોડ આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહ્યા હતા. અભેસિંહ રાઠોડે ગાંધી-મેઘાણી-ગીતોની હૃદયસ્પર્શી રજૂઆત કરીને સહુને ડોલાવી દીધા હતા. ૩૦ વર્ષથી ખાદી ક્ષેત્રે કાર્યરત ગોવિંદસંગ ડાભીએ ખાદી પહેરવા અને ખરીદવા માટે પ્રેરણા આપી હતી.

## ભરત કવિ 'ઊર્મિલ'ના જવાથી નગરને ન પુરાય તેવી ખોટ પડી છે



ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર સાહિત્યસભાના પૂર્વ પ્રમુખ અને ટ્રસ્ટી ભરતભાઈ કવિના અચાનક દેહાંતથી નગરના સેવા ઉપરાંત સાહિત્યજગતમાં મોટો આંચકો લાગ્યો છે. સાહિત્યસભાના પ્રમુખ નટવર હેડાઉએ સદ્ગત પ્રતિ શ્રદ્ધાંજલી વ્યક્ત કરતાં જણાવ્યું છે કે ગાંધીનગર સાહિત્ય જગતમાં અનોખું વ્યક્તિત્વ એવા ભરત કવિ 'ઊર્મિલ' અનેક નવોદિતોના પ્રેરક અને એમનો ઉત્સાહ વધારનાર વ્યક્તિ હતા. ગાંધીનગર સાહિત્ય સભાના ટ્રસ્ટી તેમજ પૂર્વ પ્રમુખ હતા. તેમના સમયગાળા દરમિયાન તેઓએ અનેકવિધ અવનવા કાર્યક્રમો દ્વારા સાહિત્ય ક્ષેત્રે નવાં આયોજનો કરી સાહિત્ય ક્ષેત્રે ગાંધીનગરને એક નવી ઓળખ આપી હતી. તે સાહિત્ય ઉપરાંત સમાજસેવા, પત્રકારત્વ, રાજકારણ જેવા અનેક ક્ષેત્રોમાં જીવનપર્યંત કાર્ય કરતા રહ્યા હતા, જેથી તેમના જવાથી ગાંધીનગરને ન પુરાય તેવી ખોટ પડી છે.

નટવર હેડાઉએ સમગ્ર ગાંધીનગર સાહિત્યસભા તરફથી ભરતભાઈ કવિને શ્રદ્ધાંજલી અર્પણ કરી છે.